# EDII ખાતે ન્યૂ-કમર્સ સ્ટુડન્ટ્સ માટે ઇન્ડક્શન પ્રોગ્રામ યોજાયો



અમદાવાદ : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે ૯૫ નવા આવેલા સ્ટુડન્ટ્સના ઈન્ડક્શન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ સ્ટુડન્ટ્સે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ - ડેવલપમેન્ટ સ્ટડીઝમાં પ્રવેશ મેળવ્યો છે. આ સ્ટુડન્ટ્સ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, નવી દિલ્હી, છત્તીસગઢ, હરિયાણા, જમ્મુ - કાશ્મીર, રાજસ્થાન વગેરે રાજ્યોમાંથી સ્ટુડન્ટ્સ પોતાના કોર્સ માટે જોડાયા છે. આ બેચમાં ચાર ફોરેનના સ્ટુડન્ટ્સનો પણ સમાવેશ કરાયો છે. એક વીક ચાલનારા આ ઈન્ડક્શન પ્રોગ્રામના પહેલા દિવસે



પોતાના કોર્સ વિશેની માહિતી ફેકલ્ટી દ્વારા આપવામાં આવી હતી. સાથે જ અત્યારનો માર્કેટ સિનારિયો અને આંત્રપ્રિન્યોરશીપમાં કેટલી તક રહેલી છે તેની માહિતી અહી આપવામાં આવી હતી. સાથે જ ફેકલ્ટી દ્વારા આવનારા સમયમાં ક્યાં દેશોમાં કેવા પ્રકારની બિઝનેસ માટેની તકો રહેલી છે, સાથે જ અત્યારના વિવિધ પ્રકારના ટ્રેન્ડ વિશે પણ વાત કરવામાં આવી હતી. સ્ટુડન્ટ્સ આ વાતથી ઘણા ઈન્સ્પાયર થયા હતા.